# પત્નીએ માનેલા ભાઈ સાથે વાત કરી તો વિધર્મી પતિએ પતાવી દીધી

**કેટરિંગનો** ધંધો કરતા મૂળ બિહારના સરફરાઝ સાથે પૂજાએ બે વર્ષ પહેલા લગ્ન કર્યા હતા

**મંગળવારે** બપોરે પાલનપોર વોક-વે પર પૂજા યુવાન સાથે દેખાતા બોલાચાલી થતાં સરફરાઝે છાતીમાં ચપ્પુ મારી દીધું

### વોક-વે પર આખી રાત ચાલી સમાધાનની મથામણ

પત્ની મિત્રના ઘરે જતી રહી હોવાની જાણ થતા જ સરફરાજ ત્યાં પહોંચી ગયો હતો. આખી રાત ઝઘડાના નિકાલ માટે મથામણ કર્યા બાદ મામલો થાળે પડ્યો હોય તેમ લાગતું હતું. જો કે, આજે બપોરના સુમારે નરેશના ઘરે સરફરાઝ આવી પહોંચ્યો હતો અને પૂજાને પરત ઘરે આવવા દબાણ કરતા પૂજા અને સરફરાજ ફરી આમને-સામને આવી ગયા હતા. નરેશ વચ્ચે છોડાવવા પડ્યો તે દરમિયાન જ સરફરાજે પોતાની કમરના ભાગે સંતાડી રાખેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી પૂજાની છાતીના ડાબા ભાગે ઝીંકી દીધું હતું.

### પૂજાએ પતિ સાથે ઘરકંકાસ થતા મિત્ર પાસે મદદ માંગી હતી

નરેશના જણાવ્યા મુજબ, તેનો મિત્ર સરફરાજ અને તેની પત્ની પૂજાકુમારી અગાઉ તેની સાથે જ રહેતા હતા. જોકે, સરફરાજ અને પૂજા વચ્ચે અવારનવાર ઘરકંકાસ થતો હોવાથી પૂજાએ કંટાળીને નરેશને ફોન કરી મદદ માંગી હતી. ગત સાંજે નરેશ રિક્ષા લઈને પૂજાને પોતાના ઘરે સુરક્ષિત સ્થળે લઈ આવ્યો હતો.

સુરતઃ પાલનપોર, વોક વે પર આજે બપોરે ભયાનક ખૂની ખેલ ખેલાયો હતો. મૂળ બિહારના વતની અને સુરતમાં કેટરિંગનો ધંધો કરતાં સરફરાઝ ખાન અને પૂજાકુમારીએ બે વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા અને સુરતમાં સ્થાયી થઇ ગયા હતા. જો કે છેલ્લા કેટલાક સમયથી સરફરાઝને શંકા હતી કે પત્ની માનેલા ભાઇ સાથે અવરનવર ફોન પર વાત કરે છે. આ બાબતે બંને વચ્ચે ઝઘડા પણ થતાં હતાં. જો કે, ચાર દિવસથી પૂજા પોતાના કોઈ મિત્ર સાથે ઘરેથી નીકળી ગઈ હતી. જેથી સરફરાઝ તેને શોધી રહ્યો હતો. દરમિયાન મંગળવારે બપોરે રાંદેરના પાલનપુર વોકવે પાસે પવિત્રા રેસિડેન્સી નજીક જ્યારે સરફરાઝે પૂજા તેના મિત્ર સાથે જોઇ હતી. જે બાબતે લાંબી બોલાચાલી બાદ સરફરાઝે તેની છાતીમાં ચપ્પુ મારી દેતા તેનું મોત થયું હતું. આ ઘટનામાં સંડોવાયેલા સરફરાઝને પોલીસે ઝડપી પાડ્યો છે.

# મોબાઈલમાં ફોટા જોયા ત્યારે ખબર પડી પત્નીએ બીજા લગ્ન કર્યા છે

**પાસોદરામાં** રહેતા હીરાના કારખાનાના મેનેજર પાસે 1.70 લાખ લઈ મંદિરમાં લગ્ન કર્યા હતાં

**કેટલાક** મહિના સાથે રહ્યા બાદ પત્ની ગાયબ થઇ ગઇ હતી અને જસદણમાં બીજા લગ્ન કરી લીધા હતા

સુરતઃ પાસોદરા વિસ્તારમાં એક રત્નકલાકાર સાથે લગ્નના બહાને રૂા. 1.70 લાખની છેતરપિંડી થયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

પાસોદરા ગામની શિવશક્તિ સોસાયટીમાં રહેતા અને મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દલખાણીયા ગામના વતની વિપુલભાઈ વિરજીભાઈ ટીંબડીયા (ઉ.વ. 43) મીની બજાર સ્થિત સવાણી એસ્ટેટમાં હીરાના કારખાનામાં મેનેજર તરીકે નોકરી કરે છે. લગ્ન માટે યોગ્ય યુવતીની શોધમાં રહેલા વિપુલભાઈનો સપ્ટેમ્બર 2025 દરમિયાન મિત્ર મારફતે ભીખાભાઈ અને કમલેશ રાજા કમાણી સાથે સંપર્ક થયો હતો.

આ દરમિયાન કમલેશે સોનલ સંદીપ ચૌહાણ નામની યુવતી બતાવી હતી અને યુવતી અનાથ હોવાનું કહી તેના નાના ભાઈની જવાબદારી તથા લગ્ન ખર્ચ માટે રૂા. 1.70 લાખની માંગણી કરી હતી. વિશ્વાસમાં આવી વિપુલભાઈએ રોકડ તથા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રકમ ચૂકવી દીધી હતી. બાદમાં 2 ઓક્ટોબર 2025ના રોજ અશ્વિનીકુમાર વિસ્તારમાં આવેલ નીલકંઠ મહાદેવ મંદિરમાં બંનેના ફુલહાર કરીને લગ્ન કરાવવામાં આવ્યા હતા. લગ્ન બાદ કેટલાક મહિના સુધી બંને સાથે રહેતા હતા. જોકે 13 માર્ચના રોજ કમલેશે વિપુલભાઈને ફોન કરી દીકરાની તબિયત બગડ્યાનું કહી સોનલને થોડા દિવસ માટે ઘરે મોકલવા જણાવ્યું હતું.

સોનલ ઘરે ગયા બાદ અચાનક ગાયબ થઈ ગઈ હતી અને 15 માર્ચથી તેનો મોબાઈલ પણ બંધ આવતો હતો. કમલેશ સાથે પણ સંપર્ક તૂટી ગયો હતો. આ દરમિયાન વિપુલભાઈને તેમના સગાઓ મારફતે જાણ થઈ કે સોનલએ જસદણ ખાતે રાજેશ મનસુખ પડાળીયા નામના યુવક સાથે લગ્ન કરી લીધા છે.

સોશિયલ મીડિયા પર મુકાયેલા ફોટોગ્રાફ્સ જોતા વિપુલભાઈને પોતાની સાથે છેતરપિંડી થયાનો ભાન થયું હતું. આખરે તેમણે લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કમલેશ કમાણી અને સોનલ ચૌહાણ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી.ગોએન્કા ખાતે સિનિયર કેજીનો ગ્રેજ્યુએશન ડે ઉજવાયો



સુરતઃ જી.ડી.ગોએન્કા ના પ્રી-પ્રાઈમરી વિભાગે સિનિયર કે.જી.નો ગ્રેજ્યુએશન ડે ખૂબ જ ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવ્યો. આ વર્ષની અર્થસભર થીમ "Every Piece Matters" હતી. કાર્યક્રમની શરૂઆત એક ભવ્ય પદવીદાન સમારોહથી થઈ, જેમાં નાનકડા ગ્રેજ્યુએટ્સે તેમના ગ્રેજ્યુએશન વસ્ત્રોમાં ગર્વપૂર્વક મંચ પર ચાલીને પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા. ઉજવણીમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા ઉત્સાહભર્યા નૃત્ય પ્રદર્શનોએ કાર્યક્રમને વધુ રંગીન બનાવી દીધો. વિશેષ આકર્ષણ સુંદર શાસ્ત્રીય નૃત્ય પ્રદર્શન રહ્યું. કાર્યક્રમનું સુયોજિત આયોજન અને સફળ સંચાલન પ્રી-પ્રાઈમરી કોઓર્ડિનેટર અંકિતા મુલિયા દ્વારા કરવામાં આવ્યું. તેમને પ્રાઈમરી કોઓર્ડિનેટર ડો. શિલ્પા સૂર્યા, એસોસિયેટ કોઓર્ડિનેટર શ્રેયા નારંગ તથા એક્ટિવિટી ઇનચાર્જ જાનકી પટેલ, આકાંક્ષા ડાગા અને સિમરન અગરવાલનો કિંમતી સહયોગ મળ્યો. કાર્યક્રમ ઇન-ચાર્જ પ્રિન્સિપલ હેતલ તમાકુવાલા, ડિરેક્ટર ઓફ ઓપરેશન્સ ડો. સેજલ ઠક્કર અને સહાયક વ્યવસ્થા ડો. શ્રુતિ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

### સુરતી ક્ષત્રિય જ્ઞાતિ પંચનો સન્માન સમારોહ યોજાયો



સુરતઃસુરતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ અને તેનું મંદિર દ્વારા સિંગાપુરી વાડી મુકામે સુરતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ અને તેનું મંદિરનાં (૯૧-એકસઠી)ના સન્માન સમારંભમાં સુરતી ક્ષત્રિય જ્ઞાતિના વડીલો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. સન્માન સમારંભમાં સુરતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ અને તેનું મંદિરનાં પ્રમુખ ભરત આર. વાણાવાલાએ સૌને આવકાર આપ્યો અને બધાને સન્માન કર્યા હતાં. એડવોકેટ કેતનભાઈ રેશમવાલાએ સમાધાન પંચના કન્વીનર તરીકે વિસ્તૃત માહિતી આપી હતી. ડો. પંકજ ગાંધીએ ખત્રી સમાજનો ઈતિહાસ આપ્યો હતો. આર્શીવચન માટે સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટનાં પ્રમુખ ચંદવદનભાઈ હાથીવાલાને આર્શીવચન આપ્યા હતાં. પંચની કાર્યવાહી મંત્રી રાજેન્દ્ર લાલવાલાએ આપી હતી. જાહેરાત ખજાનચી નરેન્દ્ર જરીવાલાએ કરી હતી. આભારવિધી ઉપ-પ્રમુખ કંચનલાલ વખારીયા, તેમજ સભાનું સફળ સંચાલન ચંદ્રકાંત જરીવાલાએ કર્યું હતું.

### સુરતના અલફરદાન શેખે શૂટિંગ કોમ્પિટિશનમાં ગોલ્ડ મેડલ જિત્યા



સુરતઃ સુરત સિટી રાયફલ ક્લબના સભ્ય અલફરદાન એન. શેખે તા. ૦૮/૦૩/૨૦૨૬ના રોજ બરોડા ખાતે યોજાયેલી ડિસ્ટ્રિક્ટ શૂટિંગ કોમ્પિટિશનમાં ભાગ લઈ 0.22 ઓપન સાઈટ રાયફલ 50 મીટર મેન્સ ઇન્ડિવિજ્યુઅલ કેટેગરીમાં 418નો સ્કોર કરી પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીત્યો હતો અને તા. ૧૪/૦૩/૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલી કેજી પ્રભુ મેમોરિયલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ 0.22 ઓપન સાઈટ રાયફલ 50મીટર મેન્સ ઇન્ડિવિજ્યુઅલ કેટેગરીમાં 432નો સ્કોર કરી પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીત્યા હતા.

### સુરતમાં CMA વિદ્યાર્થીઓ માટે રિજનલ કોસ્ટ કન્વેન્શન "સક્ષમ-2026"નું આયોજન





સુરતઃ સરસાણા ખાતે પ્લેટિનમ હોલમાં ICMAI ના સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર દ્વારા CMA વિદ્યાર્થીઓ માટે બે દિવસીય રિજનલ કોસ્ટ કન્વેન્શન "સક્ષમ-2026"નું 17 અને 18 માર્ચે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં આશરે 850 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ICMAI ના પ્રેસિડેન્ટ CMA શ્રીનિવાસા પ્રસાદ, વાઈસ પ્રેસિડેન્ટ CMA નીરજ જોષી તેમજ WIRC ના પ્રમુખ CMA મિહિર વ્યાસ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. WIRC ના વાઈસ ચેરમેન CMA નેન્તી શાહ અને સુરત સાઉથ ગુજરાત ચેપ્ટરના પ્રમુખ કિશોર વાઘેલાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### પીટી મહિલા કોલેજમાં અંતિમ વર્ષની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો

સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શેઠ પી.ટી.મહિલા કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ,સુરતખાતે તારીખ ૦૯/૦૩/૨૦૨૬ના રોજ અંતિમ વર્ષની વિદ્યાર્થિનીઓનો 'શિવગૌરી'હોલ ખાતે વિદાય / શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆત કુ.શ્રેયા વાઘેલાના સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી.બાદમાં ઇન્ચાર્જ આચાર્ય ડો. સ્મિતાબેન ભટ્ટે સ્વાગત વક્તવ્ય આપ્યું હતું.ત્યાર પછી F.Y.B.Sc FSNની વિદ્યાર્થીનીઓએ સમૂહ નૃત્ય રજૂ કરી ઉપસ્થિત સૌને ખૂબ જ પ્રભાવિત કર્યા હતા. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી વિભાગની વિદ્યાર્થિનીઓએ તેમના પ્રતિભાવોઅને કોલેજ સાથેના અનુભવો વ્યક્ત કર્યા હતા.સંચાલન હોમ સાયન્સ વિભાગની અધ્યાપિકા કુમારી અંજલી વટવાની તથા કોલેજની વિદ્યાર્થિનીઓએ કર્યું હતું.

### જેનામાં અહંકાર આવે છે તેના પતનનો પ્રારંભ થાય છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સિરસાડઃ કુદરતના ખોળે પાંગરેલ સિરસાડના શ્રી મહાવીર સ્વામી જૈન તીર્થમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પંન્યાસ કલ્પવલ્લભવિજયજી મ. આદિ શ્રમણ ભગવંતોની પધરામણી થતાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન અવસરે આચાર્યએ જણાવ્યું હતું કે, અહંકાર, ઈર્ષ્યા અને અતૃપ્તિની આગ માનવજીવનને બરબાદ કરે છે. તમે ગમે તેટલા પુણ્યવાન હો છતાં પણ અહંકાર વગેરે ત્રણ દોષોમાંથી એક પણ દોષના કુંડાળામાં તમારો પગ પડી ગયો તો જીવન ઉદ્યાનને બદલે ઉકરડો બની જશે. અહંકાર તમામ દોષોનો બાપ છે. અહંકાર છે ત્યાં કયા દોષોનું આગમન થતું નથી તે મોટો સવાલ છે. જેના જીવનમાં અહંકાર આવે છે તેના જીવનમાં પતનનો પ્રારંભ થાય છે. અહંકાર એ પતનની પાયલોટ કાર છે. તમામ ગુણોને સ્વાહા કરવાનું કામ અહંકાર કરે છે. સત્તા, સંપત્તિ, સૌંદર્ય અને શક્તિનાં સમ્રાટો પણ અહંકાર આવતાની સાથે બધું ગુમાવી દે છે.

# માલિકે હોળીની રજા નહીં આપી તો નોકરે તબેલો સળગાવી દીધો

**છાપરાભાઠાના** તબેલામાં દોઢ લાખનું નુકસાન થતાં પોલીસ ફરિયાદ

સુરતઃઅમરોલી વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન રજા ન મળતાં એક કામદારે માલિકનો તબેલો સળગાવી દીધો હતો. આ ઘટનામાં માલિકને 1.50 લાખનું નુકસાન થતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ પોરબંદર વિક્રમભાઈ લીલાભાઈ બોખીરિયા હાલ સુરતમાં છાપરાભાઠા નજીક તાડવાડી સ્થિત મહેરવાસમાં રહે છે અને પશુપાલન કરે છે. તેમણે તબેલામાં ભેંસોની સંભાળ રાખવા માટે મૂળ બિહારના પટનાના દાહ ઉર્ફે બાહુબલી યાદવ નામના યુવકને રાખ્યો હતો. હોળીના તહેવારને પગલે તેણે વતન જવા માટે માલિક પાસે રજા માગી હતી જે આપવાની માલિકે ના પાડી દીધી હતી. જેની અદાવત રાખીને ગઈ 15 માર્ચ 2026ની રાત્રે આશરે 11:15 વાગ્યાના સમયે તેણે તબેલામાં રાખેલા ઘાસચારા પર જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી દીધી હતી. થોડા જ સમયમાં આગ ફેલાતા ઘાસના ગઠ્ઠાઓ સળગી ઉઠ્યા હતા અને ભારે નુકસાન થયું હતું. આગની જાણ થતાં વિક્રમભાઈ તથા આસપાસના લોકોએ તાત્કાલિક દોડી જઈ આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ તે પહેલાં જ મોટાભાગનો ચારો ભસ્મીભૂત થઈ ગયો હતો.

ઘટનાને પગલે અંદાજિત રૂા. 1.50 લાખનું નુકસાન થયું હોવાનું નોંધાયું છે. બનાવ અંગે વિક્રમભાઈએ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી દાહ ઉર્ફે બાહુબલી યાદવ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ હવે આ બનાવમાં વધુ પુરાવા એકત્રિત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.

# ડિંડોલી તળાવમાં પાણી સુકાઈ જતાં ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ પડતો મુકાયો

**ગોપી** તળાવમાં પણ બોટિંગ ચાલતું હોવાથી આ પ્રોજેક્ટ થઇ શકે તેમ નથી



સુરત : મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષના બજેટમાં જાહેર કરાયેલ ફ્લોટિંગ સોલાર પેનલ પ્રોજેક્ટ હાલ માટે સ્થગિત કરવો પડ્યો છે. તળાવમાં પાણી ન હોવાને કારણે પ્રોજેક્ટને આગળ વધારવામાં અડચણો ઉભી થતા મનપાએ આ યોજના પર તાત્કાલિક બ્રેક મારી છે.

મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ રિન્યૂએબલ એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરતા લેક ગાર્ડનોમાં ફ્લોટિંગ સોલાર પેનલ દ્વારા વીજ ઉત્પાદન કરવાનો પ્લાન બનાવાયો હતો. નાણાકીય વર્ષ 2025-26ના બજેટમાં તેની જોગવાઈ પણ કરવામાં આવી હતી. આ માટે લિંબાયત ઝોનમાં આવેલા છઠ ગાર્ડનને પસંદ કરી ફિઝિબિલિટી સર્વે પણ હાથ ધરાયો હતો. રિપોર્ટ આધારે આગળની પ્રક્રિયા શરૂ થવાની તૈયારી હતી, પરંતુ જે તળાવમાં સોલાર પેનલ મૂકવાના હતા તે તળાવમાં પાણી સુકાઈ જતા પ્રોજેક્ટ અટકી ગયો. ઉલ્લેખનીય છે કે નવસારી બજાર નજીક આવેલા ગોપીતળાવને પણ વિકલ્પ તરીકે વિચારવામાં આવ્યું હતું, પરંતુ ત્યાં બોટિંગ પ્રવૃત્તિ ચાલતી હોવાથી તેને પસંદ કરવામાં આવ્યું ન હતું. હવે મનપા દ્વારા આ પ્રોજેક્ટને નવેસરથી આયોજન કરી અન્ય યોગ્ય સ્થળોની શોધ સાથે આગળ વધારવાની પ્રક્રિયા હાથ ધરાશે.

## વડોદમાં હાઈરાઈઝ બિલ્ડિંગની લોબીમાં ફસાયેલી મેઈડનું ફાયરે રેસ્ક્યુ કર્યું

સુરતઃ સુરતના વડોદ ગામ વિસ્તારમાં આવેલી પાયોનિયર ડ્રીમ હાઈરાઈઝમાં બિલ્ડિંગના બીજા માળે ઘરની સાફસફાઈ કરવા માટે લોબીમાં ગયેલાં 25 વર્ષીય હાઉસ મેડ દીપાલીબેન પાટીલ અચાનક મુશ્કેલીમાં મુકાઈ ગયાં હતાં. સફાઈ દરમિયાન સ્લાઈડિંગ વિન્ડો એકાએક લોક થઈ જતાં તેઓ સાંકડી લોબીમાં ફસાઈ ગયાં હતાં. બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હોવાથી અને ઊંચાઈ પર હોવાને કારણે યુવતી ગભરાઈ ગઈ હતી. ઘટના અંગે સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેને પગલે દોડી ગયેલા ફાયર ફાઈટરોએ સમયસૂચકતા વાપરી લોબી સુધી લેડર ગોઠવી હતી અને સાવચેતીપૂર્વક દીપાલીબેનને બીજા માળેથી સુરક્ષિત નીચે ઉતાર્યાં હતાં. કોઈપણ પ્રકારની ઈજા વગર સલામત રીતે રેસ્ક્યુ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## બીસીજીની ચૂંટણીમાં પ્રીતિબેન જોશી અને હિરલ પાનવાલાએ મેદાન માર્યું

સુરતઃ ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની કુલ ૨૩ બેઠકમાં આજે મહિલા અનામત બેઠક પર સુરતનાં પ્રીતિબેન જોશી અને હિરલ પાનવાલાએ જીત મેળવી હતી. ગત્ તા.૬થી માર્ચે યોજાયેલાં મતદાન બાદ મતગણતરી નિર્ધારિત સમય કરતાં એક દિવસ મોડી ચાલુ થઈ હતી. છેલ્લાં આઠ દિવસથી મતગણના ચાલી રહી છે. મહિલા અનામતની પાંચ બેઠકનાં મહિલા ઉમેદવારોનાં જીતનાં મતો સ્પષ્ટ થયાં હતાં. જેમાં ભારે ઉત્તેજના સાથે પ્રીતિબેન જોશી અને હિરલ પાનવાલા ચોથા અને પાંચમા ક્રમે આવતાં તેમની જીત પાકી થઈ હતી. જ્યારે સામાન્ય બેઠકમાં ભારે ઉતાર ચઢાવ જોવા મળી રહ્યોં છે. જાણકાર સુત્રોનાં જણાવ્યાં મુજબ હાલની મતગણતરીમાં સુરતનાં ભાવેશ રબારી, હિતેશ પટેલ સેફ ઝોનમાં છે. જ્યારે અન્ય ઉમેદવારો ફાઈટ ઝોનમાં છે.

**ડિંડોલી હત્યાકેસના આરોપીઓ એક દિવસના રિમાન્ડ પર**

# ભાજપ કાર્યકરના પુત્ર સહિત 5 આરોપીઓનું મુંડન કરાયું

**જે વિસ્તારમાં** આશિષની હત્યા કરી રોફ જમાવતા હતા, ત્યાં જ રીતસરના ફસડાઈ પડ્યા

**ગુનેગારોના** લથડિયા ખાતા પગ અને જોડાયેલા હાથ જોઈ લોકોમાં ભારે કૌતુક



સુરતઃ ડિંડોલી વિસ્તારમાં ફાઈનાન્સર આશિષ સિંગની કરપીણ હત્યા કરી આતંક ફેલાવનારા આરોપીઓને પોલીસે કાયદાના દર્શન કરાવ્યા છે. ગત ૧૫મી માર્ચના રોજ ધોળા દિવસે હત્યાને અંજામ આપનારા ગુંડાઓની હાલત આજે એવી દયનીય હતી કે તેઓ પોતાના પગ પર વ્યવસ્થિત ઉભા પણ રહી શકતા નહોતા. ભાજપના સક્રિય કાર્યકર પવનસિંગના પુત્ર અભિષેકસિંગ ઉર્ફે અંશુ સહિતના તમામ પાંચ આરોપીઓનું મુંડન થયેલી હાલતમાં પોલીસે ઘટનાસ્થળે ક્રાઈમ રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. હાલ આરોપીઓ એક દિવસના રિમાન્ડ પર છે. જે ગુનેગારોનો વિસ્તારમાં ભારે ભય હતો, તેમને અત્યંત લાચાર હાલતમાં જોઈને સ્થાનિકોના ટોળા ઉમટી પડ્યા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જ્યારે આરોપીઓને ફેરવવામાં આવ્યા હતાં. રાજકીય પીઠબળ ધરાવતા અભિષેક સિંગની છાપ વિસ્તારમાં માથાભારે તત્ત્વ તરીકેની છે, આજે રિકન્સ્ટ્રક્શન વખતે એ જ રસ્તાઓ પર તેઓ માંડ માંડ ડગલાં ભરી શકતા હતા.

# રાજસ્થાની ઠગો ૪.૮૪ લાખના હીરા મોઢામાં નાંખી છૂમંતર

**હીરા** ખરીદવાના બહાને આવેલા ઠગોની કરતૂત સીસીટીવી કેમેરામાં કેદ

સુરતઃવરીયાળી બજારમાં હીરા ખરીદવાના બહાને વેપારીના ઘરે ગયેલા રાજસ્થાનના બે શખ્સોએ વેપારીની નજર ચૂકવી ૪.૮૪ લાખની કિંમતના ૪ નંગ હીરા મોઢામાં નાખી ચોરી કરી હોવાની ઘટના બનતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધાસ્તીપુરા વરીયાવી બજાર ખાતે રહેતા અને હીરાનો વ્યવસાય કરતા સમશુદ્દીન કમાલુદ્દીન શેખના ઘરે ગત ૧૫ ફેબ્રુઆરીના રોજ પરિચિત દલાલ અબ્દુલ ફરીદી એક અન્ય વેપારી અબ્દુલકાદીર અબ્દુલવહીદ (બંને રહે. જયપુર, રાજસ્થાન) ને લઈને હીરા જોવા માટે આવ્યા હતા. વેપારી સમશુદ્દીને તેમને જોવા માટે ૮૬ નંગ હીરા આપ્યા હતા. આ દરમિયાન વેપારીને એક ફોન આવતા તેઓ વાતચીત કરવા માટે બાજુ પર ખસ્યા હતા, જેનો લાભ ઉઠાવી અબ્દુલકાદીરે ૨.૪૨ કેરેટના ૪ નંગ કિંમતી હીરા મોઢામાં નાખી દીધા હતા.હીરા જોયા બાદ આરોપીઓએ 'કાલે ભાઈને લઈને આવીશું' તેમ કહી હીરાની ટ્રે પરત આપી દીધી હતી. વેપારીએ ગણતરી કરતા હીરા ઓછા જણાતા આરોપીઓને રોક્યા હતા, પરંતુ તેઓ હું વેપારી છું અમે તમારા હીરા ચોરી શું કરવાના તમે શાંતિથી વજન કરી ચેક કરી લો ત્યાં સુધી બીજા વેપારીને મળીને આવ્યે તેવો વિશ્વાસ અપાવી ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં શંકા જતાં વેપારીએ ઘરના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા, જેમાં અબ્દુલકાદીર હીરા મોઢામાં નાખતો સ્પષ્ટ નજરે પડ્યો હતો. વેપારીએ આરોપીઓ જે હોટલમાં રોકાયા ત્યાં તપાસ કરતા ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.લાલગેટ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ભાઠા રોડ પર વચ્ચોવચ ઊભેલો વીજ થાંભલો રાતોરાત હટાવાયો

**અકસ્માતનો** ખતરો ટળ્યો, સ્થાનિકોમાં હાશકારોઃ લાંબા સમયથી બેદરકારી બાદ તંત્રની તાત્કાલિક કાર્યવાહી



સુરતઃ શહેરના ભાઠા ગામ વિસ્તારમાં નવા ટીપી રોડ પર ગ્રીન સિટી પાછળ આવેલા માર્ગ પર રોડની વચ્ચોવચ ઉભેલો બિનજરૂરી વીજ થાંભલો અંતે 'ગુજરાતમિત્ર'મા અહેવાલ બાદ રાતોરાત હટાવી દેવામાં આવ્યો છે. આ પગલાંથી સ્થાનિકોમાં ભારે હાશકારો ફેલાયો છે.

આ વીજ થાંભલો લાંબા સમયથી કોઈપણ પ્રકારના વીજ પુરવઠા માટે ઉપયોગમાં ન હોવા છતાં રસ્તાના વચ્ચે જ ઊભો રહેતા વાહનચાલકો માટે મોટી મુશ્કેલી સર્જતો હતો. ખાસ કરીને જ્યાં આ થાંભલો ઊભો હતો ત્યાં જ ટર્નિંગ રોડ હોવાના કારણે બે-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકોને વળાંક લેતા સમયે જોખમ ઊભું થતું હતું. અનેક વખત અહીં નાના અકસ્માતોની ઘટનાઓ પણ બની ચૂકી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ રાત્રિના સમયે આ થાંભલો સ્પષ્ટ દેખાતો ન હોવાથી ગંભીર અકસ્માતની ભીતિ વધુ વધતી હતી. સુરત મહાનગરપાલિકા અને વીજ વિભાગ વચ્ચે સંકલનના અભાવે સમસ્યા લાંબા સમય સુધી યથાવત રહી હતી. પરંતુ મીડીયામાં મુદ્દો ઉઠતા તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું અને રાતોરાત આ બિનજરૂરી થાંભલો દૂર કરવામાં આવ્યો. સ્થાનિકોએ આ કાર્યવાહીનું સ્વાગત કરતા જણાવ્યું કે સમયસર પગલાં લેવાતા હવે અકસ્માતનો મોટો ખતરો ટળી ગયો છે.

# પતિએ અરજી કરી છે કહી હોમગાર્ડ દ્વારા પરિણીતા પર વારંવાર બળાત્કાર

**પહેલા** પતાવટ માટે 15 હજાર પડાવી શરીર સુખ માણી વિડીયો બનાવી લીધો

**વિડીયો** આધારે પરિણીતાને બ્લેકમેલ કરી બાઈક રોકડ અને ઘરેણાં પડાવી લીધાં

સુરતઃ રાંદેર પોલીસમાં અગાઉ હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા શખ્સે બે વર્ષ પહેલા મહિલાને તમારા પતિએ તમારા વિરુદ્ધ અરજી કરી છે કહી સંપર્કમાં પોલીસ હોવાની ખોટી ઓળખ આપી કેફી પીણું પીવડાવી તેની સાથે શરીર સુખમાણી તેનો વિડીયો ઉતારી લીધો હતો.જે વિડીયો આધારે હોમગાર્ડ પરિણીતાને બ્લેકમેઈલ કરી નાણાં ઘરેણા અને બાઈક પડાવી લેતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

ઘટનાની વિગત મુજબ, મળતી વિગતો મુજબ, રાંદેર મથુરાનગરી સામે સુમન જ્યોત આવાસમાં રહેતા ૩૪ વર્ષીય પ્રકાશ હિરાલાલ છબલાણી વર્ષ ૨૦૨૪માં રાંદેર પોલીસમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. આ દરમિયાન તેણે પીડિતાનો સંપર્ક કરી જણાવ્યું હતું કે, 'તારા પતિએ તારી વિરુદ્ધ રાંદેર પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે.' પોતે પોલીસમાં હોવાનું કહી આ મામલો થાળે પાડવાના બહાને તેણે મહિલા પાસેથી ૧૫,૦૦૦ રૂપિયા પડાવ્યા હતા. ત્યારબાદ તેને સ્ટેડિયમ પ્લાઝા ખાતે બોલાવી કોઈ કૈફી પીણું પીવડાવી દઈ તેની બેભાન અવસ્થાનો લાભ લઈ દુષ્કર્મ આચરી વિડીયો ઉતારી લીધો હતો. આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હોમગાર્ડ સતત પીડિતાનું શારીરિક અને આર્થિક શોષણ કરતો રહ્યો હતો. તેણે મહિલાને વિશ્વાસમાં લઈ આશરે ૧૨ ગ્રામની સોનાની ચેઈન, ૬ ગ્રામની બુટી અને ત્રણ સોનાની અંગુઠીઓ ગીરવે મુકાવી દીધી હતી. એટલું જ નહીં, મહિલાના નામે મુથુટ ફાઈનાન્સમાંથી લોન કરાવી ૧૬ ગ્રામની સોનાની ચેઈન ખરીદાવી તે પણ પડાવી લીધી હતી. એટલું જ નહીં ૩૦,૦૦૦ રૂપિયાનું ડાઉન પેમેન્ટ ભરાવી તેના નામે OLA X1 PRO (GJ-05-TU-0611) બાઈક પણ છોડાવી હતી જે તે વાપરવા લઈ ગયો હતો.જે બાદ લીધેલી લોન ભરવા બાબતે અને ઉછીના પૈસા પરત કરવા બાબતે હોમગાર્ડને ટકોર કરતા તે પોલીસની ધાક બતાવી ધમકાવતો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી શારીરીક શોષણ કરતો રહ્યો હતો. આખરે પીડિતાની ફરિયાદના આધારે રાંદેર પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી પ્રકાશ છબલાણી વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે.